# અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૪) ની કોર્ટમાં,

**ફો.કેસ નં. ૪૮૫૯૧/૧૮**

**<u>ફરીયાદી :</u>** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી : રફીક અબ્દુલ મન્સુરી, અમદાવાદ.**

**<u>:– જજમેન્ટ:–:</u>**

**ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આરોપીએ બનાવની તારીખે તથા સમયે ચોરી કરી ઈ.પી.કો. ક. ૩૭૯ મુજબનો ગુનો આ અદાલતની હકુમતમા કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ છે. તેમજ જેલમાંથી જેલર મારફતે પણ ગુનાની કબુલાત કરેલ હોઈ આજ રોજ હાજર રખાવેલ છે.**

**આરોપી તા. ૨૬–૩–૧૮ થી જેલમા છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય ગરીબ માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જે ચુકાદો વંચાણે લેતા તેમા ઠરાવેલ છે કે, CODE OF CRIMINAL PROCEDURE, 1973 - S. 240, 241, 251, 228(2), 240(2), 252, 253, 235(2), criminal offence - plea of guilty - prayer for mercy by prescribing specimen pro forma for pleading guilty and for mercy in sentence - quantum of sentence - provisions for awarding minimum sentence - discretionary powers of court in this regard - the core issue as to whether Trial Court on being satisfied or in presence of special and adequate reasons**

**peculiar to the accused, to be mentioned in writing, in the judgment of the court, in finding accused guilty, "for a first offence" either by evidence or "by raising the plea of guilty" is competent to impose for such "first offence" - whether innovative judicial directions and prescription of new format, for recording plea of guilty of an accused, when statutory prescription of such a process or procedure has been prescribed in the Act, would be competent and legal - appellant-State contended that there is no discretion with the court to award less than the minimum sentence - meaning of "special and adequate reasons" - format for recording plea of guilty - prescription of format under dispute - difference between "plea bargaining" and recording of "plea of guilty" - plea of "Nolo Contendere" - explanation made in respect of "doctrine of Nolo Contendere" - doctrine of proportionality discussed and explained.**

**વધુમા એમ પણ ઠરાવેલ છે કે, Modern sentencing system - pre-sentence hearing of accused - various cases referred - held, contention of State that court has no discretionary power to impose minimum sentence is not accepted - observations in "State of Gujarat vs. Uttam B. Prajapati (1990)" and "State of Gujarat vs. Thakor Somaji (1995)" held, as per incuriam - format for recording plea of guilty found contrary to statute and court has no power to prescribe such a format - decision in "V.K. Bhatt vs. M/s. Aryodaya G. Mills (1996)" overruled with respect to format of plea guilty - discretionary jurisdiction empowered in the Trial Magistrate must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in judgment.**

**આ જ હકીકત સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો CRIMINAL APPEAL NO. 918 of 1990 With CRIMINAL MISC.APPLICATION NO. 2016 of 1991 In CRIMINAL APPEAL NO. 918 of 1990 વંચાણે લેતા તેમા ઓછામા ઓછી સજાના ગુનામા પણ કારણોની નોંધ કરીને ન્યાયના વિશાળ હીતમા હુકમ કરી શકે તેવી કોર્ટને સત્તા રહેલ હોવાનુ ઠરાવેલ છે, જેમા ચર્ચા કરેલ છે કે, In the instant, case the original accused are charged with the offence punishable under Sections 4**

and 5 of the Act. Section 4 of the Act, for the first offence, provides minimum punishment of imprisonment for three months and fine not less than five hundred rupees, whereas, Section 5 of the Act, for the first offence, provides minimum punishment of imprisonment for two months and fine not less than five hundred rupees. Admittedly, there is no material on record to show that the accused, herein, were arraigned as accused for similar offence or for that matter any other offence in the past. Hence, they are liable to be awarded minimum punishment, prescribed under both the sections. However, at the same time, it is to be kept in mind that the accused Nos. 2 to 5 were young boys, at the time of the alleged offence, which took place as back as in the year 1990. In other words, almost 24 years have elapsed from the date of the alleged offence and by this time, they must have been settled in their respective lives. Further, the accused were arrested and presented before the court on 04.09.1990 and on the very same day, they pleaded guilty and were imposed the punishment, as referred to in Paragraph-1, herein above. In that view of the matter, if, the matter is remanded for trial afresh, by following the ratio laid down by this Court in the judgments, as above, same would cause undue harassment and hardship not only to the

**accused, but, their family members as well. Thus, in view of the peculiar facts and circumstances of the case and in view of the decision of this Court in "*STATE OF GUJARAT VS. NATWAR HARICHANDJI THAKOR*" (Supra), wherein, it is held that a Court has power to impose less than the minimum sentence for first offence for special and adequate reasons, if, the judgment and order of the trial Court is confirmed same would meet the ends of justice.**

**જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય ગરીબ માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા સાથોસાથ આ પ્રકારના કેસોનો જે ભરાવો અદાલતોમા થઈ રહેલ છે, તેમજ આ પ્રકારના કેસો ઝડપથી પુરા કરવા સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામા આવી રહેલ છે, તેમજ અવારનવાર સ્પેશ્યલ સીટીંગોનુ આયોજન કરી આ પ્રકારના કેસો શોધી કાઢી પુરા કરવા માટે જે સુચનાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ  તરફથી આપવામા આવી રહેલ છે તે હકીકત લક્ષમા રાખતા સાથોસાથ આરોપીએ ફરી ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુટુંબ કબીલાવાળા માણસ હોઈ ઘણા સમયથી જેલમા હોઈ તે મુજબ હુકમ કરવો ન્યાયી જણાય છે.  જો આરોપીને વધુ દંડ કરવામા આવે તો તેના પરીવારના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમા ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવુ પડે તેમ જણાતુ હોઈ  દંડ કરવો  ઉચિત જણાતુ નથી, જેથી સમગ્ર ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતા આ અદાલતને નામદાર શ્રી જે.એન. ભટ્ટ સાહેબના ચુકાદાથી મળેલ સત્તાનો ઉપયોગ કરી વધુ પડતા ટેકનીકલ નહી થતા આરોપી ઘણા સમયથી જેલમા હોઈ આરોપી પાસે જામીનની પણ સગવડ ન હોવાનુ માનવા કારણ રહેતુ હોઈ  આરોપીને  સમાજમા રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતુ હોઈ તેમજ તેના પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનુ હીત જળવાશે તેમ જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરુ છુ.**

## :: આખરી હુકમ :

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. ક. ૩૭૯ મુજબના ગુનાના ભંગ બદલ તકસીરવાન ઠરાવી આરોપીને ૨૮૦ દિવસની (બસો એંશી દીન પુરા)ની સાદી કેદની સજા કરવા હુકમ કરવામા આવે છે. આરોપીએ જેલમા ભોગવેલ સજાનો સમયગાળો આ હુકમથી મજરે આપવાનો રહેશે. આ કામે કબજે થયેલ મુદ્દામાલ ફરીયાદીને પરત આપવા અપીલ સમય બાદ યાદી કરવી. વચગાળાના હુકમો કાયમી કરવા.

આરોપીની ઉંમર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમજ તેમના પરની પરીવારની જવાબદારી ધ્યાને રાખતા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749** લક્ષમા રાખતા ઉપરોકત કારણોને આધીન દંડ ભરપાઈ કરવાની આરોપીની શકિત ન હોવાનુ માનવા કારણ રહેતુ હોઈ દંડની સજા કરવામા આવતી નથી. અન્ય બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા. ૪ જાન્યુ. ૨૦૧૯ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | (બી. જે. પટેલ) |
| | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |